# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-07-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત"ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નૅટવર્ક, આકાશવાણી સમાચારની વૅબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન સહિત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આકાશવાણી ભુજ દ્વારા આવતીકાલે સાંજે 7 અને 5 મિનિટે પ્રસારીત કરાશે.

-----------------------------------------------------------------------------------

## નાગરિકતા પ્રમાણપત્ર

રાજકોટ ખાતે ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કચ્છ, મોરબી અને રાજકોટના 185 લોકોને ભારતીય નાગરિકતાના પ્રમાણ પત્રો એનાયત કરવામાં આવ્યા હતા જેમાં કચ્છના 3 લોકનો સમાવેશ થાય છે.

રાજકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભુજના ઝુરા કેમ્પમાં રહેતા સુરાજી કાનજી સોઢા, તાઝુ સુરાજી સોઢા અને વંકાજી દેવાજી સોઢાને ભારતીય નાગરિકતાના પ્રમાણ પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, જેમને ભારતીય

નાગરિકતા પ્રાપ્ત થઈ છે, તેવા પાકિસ્તાનથી વિસ્થાપિત લોકો માટે આજથી નવું જીવન શરૂ થયું છે.

---------------------------------------------------------------------------------

## કચ્છમાં કારગિલ વિજય દિવસની ઉજવણી

કારગિલ વિજય દિવસની સમગ્ર દેશની સાથે કચ્છમાં પણ વિવિધ સ્થળોએ ઉજવણી કરવામા આવી રહી છે.

ભુજ લશ્કરી સ્ટેશન ખાતે બાલ્ડ ઇગલ બ્રિગેડ દ્વારા કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતના વિજયના ૨૬ વર્ષ નિમિત્તે  કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. "શ્રદ્ધાંજલિ પાર્ક" ખાતે પુષ્પાંજલિ સમારોહમાં  બાલ્ડ ઇગલ બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર નીરજ ખજુરિયાએ બ્રિગેડના તમામ રેન્ક વતી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં વીરાંગના મહિલાઓ અને એનસીસી કેડેટ્સ પણ હાજર રહ્યા હતા. સમારોહના અંતે, નિવૃત્ત સૈનિકો અને સૈન્ય અધિકારીઓએ વિધાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે શસ્ત્ર પ્રદર્શન પણ યોજાયું હતું.

કારગીલ વિજય દિવસ અને ઓપરેશન સિદુરના ઉપલક્ષમાં  અનુસુચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોરભાઇ મકવાણાના અધ્યક્ષ સ્થાને પૂર્વ કચ્છના બાલાસર ગામે એક કાર્યક્રમ યોજાયો હતો.  જાણીતા સર્જક કિશોરભાઇ મકવાણાએ સરહદી વિસ્તારના લોકોને સંબોધતા જણાવ્યું હતું કે સરહદી વિસ્તારના લોકો સરહદના સંત્રી સમાન છે. ઓપરેશન સંદૂર અને કારગીલ વીજય દિવસને તેમણે ભારતના ગૌરવ સમાન ગણાવ્યા હતા. હિન્દી સાહિત્ય અકાદમી અને આર્ય ફાઉન્ડેન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ વિનોદભાઇ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેવૂ અમારા પૂર્વ કચ્છના પ્રતિનિધિ રામજીભાઇ મેરીયાએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## લાખણિયા પુલનું નિર્માણ

અબડાસા તાલુકામાં તેરા પાસે આવેલા લાખણિયા મોટા પુલની નિર્માણની કામગીરી પ્રગતિમાં છે. હાલમાં બ્રિજનું મોટા ભાગનું કામ પૂર્ણ થઇ ગયું હોવાથી આવનારા દિવસોમાં વાહનચાલકો આ નવીન બ્રિજનો ઉપયોગ કરી શકશે. વરસાદી સિઝનમાં ખાસ કરીને કોઇ પણ ગામ સંપર્ક વિહોણું બને નહીં તે ઉદ્દેશથી જિલ્લામાં વિવિધ સ્થળોએ બ્રિજ, પુલનાં કામને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## આંધ્રપ્રદેશના વિદ્યાર્થીઓ કચ્છની મુલાકાતે

આંધ્રપ્રદેશના પાલસમુદ્રમ ગામથી કચ્છમાં ગ્રીન કમાન્ડોની તાલીમ માટે 27 બાળકો આવ્યા છે. ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન  વિશ્વના સૌથી મોટા મિયાવાંકી વન ધરાવતા એવા ભુજમાં ભુજીયા ડુંગરના જંગલમાં આ બાળકોએ મિયાવાકી પદ્ધતિની તાલીમ મેળવી હતી. મિયાવાકી પદ્ધતિના પાઠ ભણવા આ બાળકોને ભારતના નાણામંત્રી નિર્મલા સીતારામને ખાસ કચ્છ મોકલ્યા હતા. 24 જુલાઇના કચ્છ આવેલા હાઇસ્કૂલના આ બાળકો જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લઈને કચ્છની વિરાસત તેમજ કચ્છની સંસ્કૃતિથી પરિચિત થયા હતા.

----------------------------------------------------------------------------------------

## ભાડિયાની નદી પર પુલ

માંડવી તાલુકાના મોટા ભાડિયાની નદી પર પુલ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂા. 25 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ હતી. નદી પરની પાપડી તૂટેલી હોવાના કારણે નદી પર પુલ બનાવવાની ગ્રામજનો દ્વારા માંગ કરાઈ હતી. ધારાસભ્ય અનિરૂધ્ધભાઇ દવેના પ્રયાસોથી મોટો પુલ બનાવવા વધારે રકમ સરકાર દ્વારા ફાળવાતા ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

----------------------------------------------------------------------------------------

## રક્તદાન કેમ્પ

રોટરી કલબ ઓફ ભુજ વોલસિટી દ્વારા ભુજ ખાતે આયોજિત મેગા રક્તદાન શિબિરમાં 311 બોટલ રક્ત એકત્ર કરાયું હતું. થેલેસેમિયાગ્રસ્ત બાળકોને સમયસર લોહી મળી રહે તે હેતુથી કેમ્પનું આયોજન કરાયું હતું. સદગત અંકિત અનિલભાઇ શાહની સ્મૃતિમાં યોજાયેલા કેમ્પમાં વીવિધ સ્ંસ્થાઓ દ્વારા બ્લડ ડોનેશન કરવામાં આવ્યૂં હતું. આ કેમ્પમાં 50થી વધારે લોકોએ પ્રથમ વખત રક્તદાન કર્યું હતું. 15થી વધુ દંપતીએ, 20 જેટલા લોકોએ 50થી વધુ વખત, 15 જેટલા લોકોએ 25થી વધુ વખત રક્તદાન કર્યું હતું.  રક્તદાતાઓ અન્ય લોકોને પણ સમયાંતરે રક્તદાન કરવાની અપીલ કરી હતી.

---------------------------------------------------------------------------------------

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર : કાર્યશાળા

મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતના 82 કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની ભુજ ખાતે આઠમી કાર્યશાળા સંપન્ન થઇ. કચ્છમાં કાર્યરત કેવીકે-1 અને કાઝરી કેવીકે તેમજ કેવીકે મહેસાણા, કેવીકે પાટણ અને આઈસીએઆર અટારી-પૂણેના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય કાર્યશાળાના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન ડો. કે.ડી. કોકાટેએ કિસાન સમુદાયો માટે કેવીકે સેતુરૂપ બન્યાની નોંધ લઈ ભવિષ્યમાં આ કેન્દ્રો પોતાની ભૂમિકા વિસ્તારી કૃષિના વૈજ્ઞાનિક જ્ઞાનને વધુ અસરદાર રીતે ખેડૂતો સુધી પહોંચાડે તેવી હાકલ કરી હતી.

---------------------------------------------------------------------------------------